# જાહેર નોટીસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૭૩ (ઉત્રાણ)

નગર રચના યોજના સુરત નં.૭૩ (ઉત્રાણ)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૧૧/૨૦૦૮, તા.૫-૩-૨૦૦૮થી ઇરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના સુરત નં.૭૩ (ઉત્રાણ)

**મોજે: ઉત્રાણ, બ્લોક નં.-૧ થી ૭૪, ૧૦૫ થી ૧૧૭**

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં.૭-૧૨ની નકલ.

(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઇડ બે નકલ (પ્રી.આઇ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજુરીની સર્ટીફાઇડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઇ કારણસર જો તેઓને ઉક્તપત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દશ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કાંઇ ક્ષતિ થશે. તેની જવાબદારી અત્રેની રહેશે નહીં. જેની નોંધ લેશો.

નં.પી.આર.ઓ./૫૫૯/૦૭-૦૮ — ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ

તા.૧૭/૩/૦૮ — સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**મોજે: ઉત્રાણ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૭૩ (ઉત્રાણ) તૈયાર કરવા બાબત.**

## અધિસુચન

**ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭-૧૨-૦૮ના હુકમ ક્રમાંક: પુડીએ-૧૧૨૦૦૭-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તામંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઇઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૧/૨૦૦૮, તા.૫-૩-૨૦૦૮ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૩માં ગુલાબી પેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ઉત્રાણ વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં.૭૩ (ઉત્રાણ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર સેવા સદનમાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત — કમિશનર

તા.૧૩-૦૩-૨૦૦૮. — સુરત મહાનગરપાલિકા

### ઠરાવ:-

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૫-૩-૨૦૦૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-**

xxxxxxxx

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા.૨૭-૨-૨૦૦૮ નાં પત્ર નં.સીપીસ/૮/૩૯થી વિદિત થઇ, સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૩ (ઉત્રાણ) તૈયાર કરવા અંગે ફાઇલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૭૩ (ઉત્રાણ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઇરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૧૧/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

નં પીઆરઓ/૫૫૮/૦૭-૦૮

તા.૧૩/૩/૦૮